# ખેવના

## (સત્યઘટના)

--અનુપસીંહ પરમાર

'મારા આવતાં પહેલાં શું ખાતા હતા?'

'એવું જ વળી. જે મળે તે લુખુંપાખું- હા, ક્યારેક બજારમાં જવાનું થાય તો થોડી જલેબી કે એવું કૈંક.'

'પણ હવે એનો મોહ છોડો. કહું છું, પંદરેક વરસથી તમે ડાયાબીટીસથી હેરાન થતાંય ટકી રહ્યા છો. પણ હવે આ ચાંદા તરફ તો જુઓ ! તમને બધું જ મનગમતું શાકભાજી, રોટલી કે ભાખરી બનાવી આપું છું. પાપડ, પાપડી કે કચુંબર. પણ મીઠાઈનું નામ ન લો હવે.'

'સારું સારું , તારો હુકમ માથા પર; પણ મહીનામાં પ્રસાદજોગ મીઠાઈ તો ખરી.'

'તે મારે હાથે જ આપીશ.'

'જી સરકાર.'

જાણે નવપરીણીત યુગલ જેવો રસીક વાર્તાલાપ મારી ભત્રીજી કુસુમ જોડે કરતાં રસીકલાલ ભાવવીભોર થઈ જતા. અને એકદમ જુવાનીના તોરમાં કુસુમને ન તેડ્યાનો અજંપો એમને ઘેરી વળતો.

કોનો વાંક હતો? પોતે વીચારમાં ગરકાવ થતો. કદાચ તે જમાનાનો. જ્યારે નાની વયમાં વડીલો, સારું ઘર જોઈને છોકરાં પરણાવી દેતા…

કુસુમની ઉંમર ૧૩-૧૪ વર્ષની હશે. મારી જ સમવયસ્ક અને ત્રીજી ચોપડી મારી સાથે ભણી હતી. પછી તે ઉઠી ગઈ. તો રસીકલાલ તે જમાના પ્રમાણે ખુબ ભણ્યા. પણ વચમાં સોળેક વર્ષની વયે કુસુમને પરણવા લગ્નને માંડવે પોંખાયા. ભણતર તો ચાલુ જ રહ્યું. શરુ શરુમાં તો કુસુમ સાસરે જતી પણ ખરી. પણ રસીકલાલને એ ખાસ ગમતું નહીં. બન્ને પરીવારોના વડીલો વચ્ચે ખાસ્સી મીત્રાચારી. બીજું, કુસુમના પીતા રમણલાલ તો સમાજની આબરુદાર વ્યક્તી.

રસીકલાલ બી.એસસી.; બી.એડ્. થઈ નજીકની હાઈ સ્કુલમાં શીક્ષક થઈ ગયા. અને ત્યારે એમની આંખ ઉઘડ્યા જેવું થયું. નામ તો ખુબ સરસ-કુસુમ. ક્યાંથી શોધી લાવ્યા તે જમાનામાં? પણ આવી કાળી હશે એની તો હમણાં જ જાણ થઈ !

પણ કુસુમ કંઈ એવી કાળી નહોતી. હા, બહુ રુપાળીયે નહોતી, ઘઉંવર્ણી હતી, ઘાટીલી ને ઠસ્સાદાર. પાંચમાં બેઠી હોય તો એનું વ્યક્તીત્વ નીખરી આવે. ગમે તેમ તોય, કુસુમને સાસરે જવાનાં બારણાં વસાઈ ગયાં…

પણ આ તો રમણલાલ ! ખાનદાન, સમાજનો મોભી અને ખમતીધર ખેડુત! એ કંઈ નમતું મુકે તેમ નહોતા. ઉપરાંત રસીકલાલના પીતા પણ એ જ ઘરેડના. વળી, કુસુમેય ક્યાં એવી કદરુપી હતી? કામઢી અને ઘરરખુ હતી. એમણે જમાના પ્રમાણે છુટાછેડાની ચાલ ઉભી કરવી નહોતી.

વરસો વીતતાં ગયાં. કેટલાં વરસ? જુવાનીનો ગાળો તો શું, પચાસ-પંચાવન અને જોતજોતામાં સાઠ ! રસીકલાલ નોકરીમાંથીય નીવૃત્ત થયા. મા પણ ચાલી ગઈ અને બાપ-દીકરાને નાનાભાઈની વહુને હાથે જમવાનો વારો આવ્યો.

ત્યારે કુસુમને શું ? એ તો બીન્ધાસ્તથી બાપને ઘરે રહી છે. માની ઉંમર તો થઈ જ હતી; એટલે એણે ઘરનું રસોડું પોતાને હસ્તક લઈ લીધું. સવારમાં સૌથી વહેલા ઉઠી, નહાઈ-ધોઈ, ભગવાનનો દીવો કરી, ઘરનાને માટે ચા-પાણી કરી, બાપુ માટે બીજીવારની ચા કરી આપી, રસોઈ-પાણીનો બંદોબસ્ત કરતી. બીજું, બાપુને ત્યાં ઘરના હાળી-નોકરને જમાડવાનો રીવાજ હતો. અને કેટલા હાળી-

નોકર ! ત્રણ જોડ બળદ એટલે ત્રણ હાળી. રોજીંદું કામ. સવારે ચા અને ગરમ રોટલા ખવડાવી કામે બઝાડવાના. બપોરે બધા આવે એટલે ભાતનું તપેલું ને કઢી, ઉપરથી લાલ મરચાંનો મસાલો. વાસેદી, ઘરકામના નોકરો વધારામાં. તેમ છતાં કુસુમ હમેશાં એમ જ વીચારતી રહેતી કે હું અહીં બાપને પનારે પડી છું, તે મફતનું ખાવા-પીવા નહીં. ભાભીનો બોલ સાંભળવો ન પડે એમ વીણીચુંટીને કામ કરવા તે સદા તત્પર રહેતી.

એ પછી રમણલાલના દીકરાઓ યથાક્રમે જુદા થયા ત્યારે આધેડ વયના બાપને કુસુમની હુંફે જીવવાનું થયું. હા, રમણલાલે કુસુમને માટે પણ દસેક વીંઘાં જેટલી જમીન નોખી કાઢી લીધી હતી, જેથી કુસુમને બાકીની જીંદગી પીયરમાં ઓશીયાળું વેઠવું ન પડે.

+ + + + +

એક દીવસ રસીકલાલને ખેતરેથી આવતાં ચક્કર જેવું લાગ્યું; પણ એ તો એકબે ક્ષણ. એ પુનઃ સ્વસ્થ થઈ ગયો. પણ આવું આ શું થયું? અને એવું ડાંગર રોપાવતાં ક્યારીની પાળે પણ થયું. એ તો જો કે પડતાં પડતાં રહી ગયો. અને ચક્કર પણ ન આવ્યા જેવું થયું. પછી તો ત્રણ-ચાર મહીને આ ભાઈબંધ(ચક્કર) મહેમાનની જેમ દેખાવા લાગ્યા. અને તેય હવે કોઠે પડી ગયા જેવું થયું. આ સાઠ વર્ષમાં એણે ખાસ દવા લીધી નથી. તાવતરીયો આવ્યો હશે, તે તો ટીકડી-ગોળીએ મટી જતો. પણ રસીકલાલ બેચાર દીવસ પથારીમાં પડ્યો હોય એવું ઝાઝું બન્યું નથી. એકંદરે એનું શરીર નરવું રહ્યું છે. હા, માથા પર વચલે ભાગે ટાલ પડી હતી, પણ બાજુ પરના વાળ હજી કાળા અને આ ચક્કર પણ ગાળે પડતા આવે છે. પણ એનીએ ખાસ દરકાર એમણે લીધી નહીં.

એવામાં રસીકલાલ બેત્રણ દીવસ બહેનને ત્યાં રહેવા ગયો. ત્યાંથી ઘરે આવ્યો ત્યારે દોઢ-બે વાગી ગયેલા. શનાભાઈની વહુએ પાણી આપતાં કહ્યું, ‘તમારી અગીયાર વાગતાં સુધી રાહ જોઈ. જમવાના હશો?’

‘હા, વચ્ચે બસને પંચર પડ્યું, એટલે મોડું થયું; પણ જમવું તો પડશે.’

‘પણ રોટલી કરી નથી.’

‘ કંઈ નહીં, ચાલશે. તું દાળ-ભાત કે ખીચડી-કઢી જે હોય તે મુક.’

‘ના, તમે કહેતા હો તો રોટલી કરું.’

રસીકલાલને આજે પહેલી જ વાર થયું કે મા નથી; મા હોત તો આવું પુછે ખરી ! અને એ પછી ઘણી વાર એને આવું જ થતું રહ્યું. આ સાઠ ઉપર એકબે વરસ લટકાનાં તો ચડ્યાં અને ઘડપણના ઓળા હજી ખાસ દેખાતા નથી. પણ તેથી શું? ઘડપણ તો દોડતું જ આવશે- અને તે વખતે-?

એને થયું, આ અવસ્થામાં પત્ની જોઈએ તો ખરી. તો એકમેકની હુંફે બુઢાપોય સહ્ય બને. પણ આ રીતે ઓશીયાળા જીવવાનું તો હવે વસમું. અને પછી સબુરાઈથી નાનાભાઈથી પોતે જુદું કરી લીધું.

+ + + + +

નકલંક નકલંક !

કુસુમે એના જીવનમાં ડાઘ પડવા દીધો નથી. પોતાને જ પાકી ખાતરી. જુવાનીમાં ક્યાંય આડો પગ પડવા દીધો નથી. અને પોતે તે આમ કૉલેજજીવનમાં લપસી પડ્યો કે નહી; પણ દ્રષ્ટી તો મેલી થઈ જ હતી. જ્યારે કુસુમ તો હજી માથામાં એના જ નામનું સીંદુર પુરે છે. કપાળે ગોળમટોળ ચાલ્લો કરે, બન્ને હાથે અકેક સોનાની બંગડી સાથે કાચ-બંગડીય લહેરે. હા, એણે પોતાની જાતને અકબંધ જાળવી જાણી છે. એવા એવા એને અભીપ્રાય પણ મળતા રહ્યા છે; પણ ખુદ પોતાનું હૈયું જ જાણે એ નકલંક હોવાની સાહેદી પુરે છે. હવે આ વયે સાસરામાં પગ માંડે તો કેવું? તેણે એમાં બનેવીનો સાથ લીધો. એમાં સફળ પણ થયો. પણ હા, એક પાક્કી શરતે : ‘આવું તો ખરી; પણ મારી અવહેલના ન થવી જોઈએ બાપને ત્યાં મારા દીવસ સુખમાં ગુજરે છે અને હવે હું કંઈ કીકલી નથી. જુવાનીના

દીવસોય સુખરુપ વીત્યા ને હવે હું આધેડ થઈ છું. વળી, મારે હવે બીજા ઓરતાય શા હોય? પણ આ તો હવે એમની સાથે શેષ જીવન એકમેકની હુંફે જ મળી-સમજીને વીતાવવાનું છે. પણ એમાંય જો મારી જરાય અવહેલના થાય એ હું ન સહું- આ એક ચોખ્ખી વાત- અને એવું થાય તો પહેલી જ ગાડીએ ફરી પીયર આવતી રહીશ. બાકી આ ચુડી-ચાલ્લો તો એમના નામનો જ છે. બોલો, આ તો પુરુષ જાત અને મોટી ઉંમરે ઘર માંડવાનું છે. ઘરકામમાં કશી ભુલ થાય અને એ ઉંચાનીચા થઈ જાય એ ન બનવું જોઈએ. પછી જરા સ્મીત વેરીને કહે, ‘જાઓ, સારા વાર-તીથી જાઈને એમને જ મોકલો. બા-બાપુના આશીર્વાદ લે, અને અમે સજોડે- -’

+++++

‘સાહેબ, આપ !’ બોલતાં જ ડૉ. પંકજભાઈ ખુરસી પરથી ઉઠીને રસીકલાલને પગે પડ્યા ને કહ્યું, ‘આપના આશીર્વાદથી હું ડૉક્ટર બન્યો. બોલો આપની શી સેવા કરું?’ એટલે રસીકલાલે પોતાનો અંગુઠો બતાવ્યો, ‘આ સારો થતો નથી.’

‘કેટલા વખતથી ડાયાબીટીસ છે? ચેક તો કરાવતા હશો ને?’

‘બેચાર મહીને એકાદ વાર. આમ તો નૉર્મલ રહે છે.’

‘એઈજ? હાલમાં શું કરો છો ?’

‘એઈટી પુરાં. અને વ્યવસાય ? પેન્શન આવે છે, સાત-આઠ વીઘાં જમીન છે, પાણી ફરે છે, એટલે શેરડી થાય છે- અને એ તો એ જ કરાવે છે, હું તો ક્યારેક જોઈ આવું એટલું.’ એટલે પછી કુસુમને બોલવાની તક મળી. ‘હું તો ઘણીય ના  કહું સાહેબ, પણ એ માને નહીં. મુળે ખેતીનો જીવ અને ઘર આગળ બેપાચ ફુલછોડ-બે કલમ. પાણી પણ એ જ સીંચે.’

‘એ તો ઘણું જ સારું કહેવાય,’ ડૉક્ટરે અનુમોદન આપ્યું.

‘ પણ ખેતરે નહીં જતા હોય તો ! આ એક કાંટો વાગ્યો એમાંથી આ બલા ઉભી થઈ.’

‘તમે ચીંતા નહીં કરતા. આપણે અંગુઠો કાઢી નાખીએ. બુટમોજાં પહેરીને ચાલી શકાશે ડૉક્ટરે કહ્યું અને પુછ્યું, ‘બોલો, તમને કંઈ વાંધો તો નથી ને?’

‘તમારી પાસે આવ્યા પછી અમને શો વાંધો હોય?’ કુસુમે જ કહ્યું. જો કે રસીકલાલને તો ખાતરી જ હતી કે અંગુઠો કાપવો જ પડવાનો છે.

એ પછી હૉસ્પીટલનો પંદરેક દીવસનો પડાવ.

પછી તો જોતજોતામાં પાંચ-છ વરસ હેમખેમ નીકળી ગયાં. વચ્ચે વચ્ચે નીયમીત કુસુમ સંગે ડૉક્ટરની મુલાકાત થતી રહી. પણ હવે ખુબ અશક્તી વરતાવા લાગી હતી. આંખે અંધારાં આવે, કાને બહેરાશ આવવા લાગી. કુસુમની ચાકરી જોઈને એ ગળગળા થઈ જતા. કુસુમ કહેતી, ‘ તમે પરેજી બરાબર પાળી નહીં તેનું આ ફળ ભોગવો.’ તો રસીકલાલ કહેતા, ‘ આ પંચાસી તો થયાં, હજી કેટલું જીવાડવાની છે?’

‘નીમ પાળીએ તો સો વરસ પુરાં થાય.’

‘હા, પણ મને એટલી જ ફીકર છે કે હું ન હોઉં તો તું કેમની જીવશે?’

‘એ ફીકર તમારે શું કામ જોઈએ?’

‘ના, પણ મેં તારી જુવાની રોળી નાખી અને હવે આ ઉંમરે તું મારી સેવા કરવા આવી એ જ મને લાગે છે.’

‘હું તો ચાહીને આવી છું. અને જુઓને, આ વીસેક વરસ તો તમારા સહવાસમાં કેવાં નીકળી ગયાં ? એ જ મારું પરમ સૌભાગ્ય. તમે ન હો તો પણ હું તમારી યાદમાં જીવીશ. જુવાનીમાં જીવી હતી તેમ જ. મારી ફીકર નહીં કરતા. એમ તો તમે પુરુષો પણ જીવી જાઓ; પણ અમે સ્ત્રીઓ જે સહજતાથી

પતી વીના જીવીએ એ રીતે તમારાથી ન જ જીવાય. માટે મનમાંથી એવુ બધું કાઢી નાખજો. હું તો જીવીશ..'

+++++

રસીકલાલના દેહાંત પછી પણ કુસુમે પોતાની જમીન પોતાને હસ્તક રાખી છે. દીયર જરા ડોળો કરે છે તેની એ દરકાર કરતી નથી. આપવાની તો તમને જ છે; પણ આજે નહીં. ઉપરાંત રસીકલાલનું ફેમીલી પેન્શન મળતું થયું; એટલે રોકડનીય ચીંતા રહી નથી. રસીકલાલની પુણ્યતીથીએ ગામની શાળાનાં બાળકોને જમાડે, આંગણે આવતા સાધુ-સંતોનું ઉમળકાભેર સ્વાગત કરે અને વખતે જમાડે. જરુરતમંદ સગાં-વહાલાં માટેય ભરપુર પ્રેમ.. જાણે રસીકલાલ જતાં રસીકલાલના ઘરની આભા જરાય ન ઝંખવાય એની ખેવના રાખી જીવી રહી છે.

+++++

## --અનુપસીંહ પરમાર

(મે ૨૦૦૭ના **'અખંડ આનંદ'**ના અંકમાંથી સાભાર..)

સંપર્ક : ઘાણી, વાયા બુહારી, જીલ્લો સુરત- ઘાણી-૩૯૪ ૬૩૦
ફોન : (૦૨૬૨૫) ૨૪૪ ૩૬૯

### લેખક-પરીચય

૧૯૨૪માં સુરત જીલ્લાની પુર્ણા નદીને પાર સાવ નાનકડા ગામ ઘાણીમાં જન્મેલા **શ્રી. અનુપસીંહજી પરમાર** ૧૯૪૪માં મેટ્રીક તો થયા; પણ સંજોગવસાત કૉલેજ-શીક્ષણ ન મેળવી શક્યા. પુર્ણા નદી-કીનારાનાં એમનાં ખેતર ભલાં ને એ ભલા. વાચનના પુરા વ્યસની અને ગ્રામજીવનની મોહીનીના આ આકંઠ આશીકે કદીક કદીક કવીતા કરવા માંડી, અગ્રણી સામયીકોમાં તે પ્રકાશીત થવા લાગી. ઘાણીલોક હવે એમને 'કવી' તરીકે ઓળખવા લાગ્યું !

૧૯૮૪માં અખંડ આનંદમાં પ્રકાશીત થયેલી **'મીઠી હલચલ'** વાર્તાએ ગુલાબદાસ બ્રોકરનું ધ્યાન આકર્ષ્યું અને ભારતીય જ્ઞાનપીઠ માટે ગુજરાતી ભાષાની પ્રતીનીધી વાર્તા રુપે તે પસંદ થઈ. પછી તત્કાલીન કેટલાંય સામયીકો દ્વારા આયોજીત વાર્તા હરીફાઈઓમાં તેમની વાર્તા પહેલી આવતી રહી. આમ, કવીજીવ વાર્તાની વાટે પડ્યો. ૧૯૯૪માં પ્રથમ વાર્તા સંગ્રહ **'પ્રેમનો ગુલાલ'**ની વાર્તાઓ સૌના ધ્યાને ચડી. પુષ્કર ચંદરવાકરની માતબર પ્રસ્તાવના તેને મળી. ગ્રામજીવનના દામ્પત્યની ભીની માટીની મહેક તેનાં પાનેપાને. એ જ એમનો પ્રીય વીષય. કાવ્યસંગ્રહ **'પુર્ણા'** અને મુક્તકસંગ્રહ **'પ્રીતીજળ'** એમનાં બીજાં બે પુસ્તકો.

તેઓ લખે છે, 'મારાં આ અલ્પ લખાણોએ મને કેટલાય નામી લેખકો જોડે પરીચય-સેતુ રચી આપ્યો, મારું આતીથ્ય તેમણે માણ્યું. નહીંતર શહેરી ચકાચોંધથી દુર મારા જેવા ગામડીયાને કોણ ઓળખે !' ૮૪ વર્ષની વયે હજીય ખેતરે આંટો ખરો. લેખન-વાચન હજીય અકબંધ..

ફોન પર એમણે જ્યારે કહ્યું કે, 'આ માત્ર વાર્તા નથી. મારી નજરે જોયેલી કસુમની જીવનકથા છે,' ત્યારે સહજ રીતે સંસારમાં સ્ત્રીની સમજદારી, વફાદારી અને સહનશક્તીને દીલથી સલામ દેવાઈ ગઈ ! --ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

◆●◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **113** -- **August 5, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆

**શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી 3,90,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત**

લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.


આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **5900** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

◆●◆

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **113** -- **August 5, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

◆●◆ ◆●◆ ◆●◆